

**મહેસાણામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી**

મહેસાણા શહેરમાં અને જિલ્લામાં બે દિવસની ગરમી બાદ સવારે મહેસાણા શહેરમાં નવ વાગ્યાના સુમારે સતત ૧ કલાકમાં દોઢ ઈંચ વરસાદ પડતાં મહેસાણા શહેરમાં ભમ્મરીયાનાળા અને ગોપીનાળામાં પાણી ભરાયા હતા અને મહેસાણા હાઈવે ઉપર ટ્રાફિકજામ થવા પામ્યો હતો.

# રાજ્યમાં કોરોનાના નવા ૬૨૦ કેસ, ૨૦ના મોત

## સુરતમાં કોરોના વિસ્ફોટ સાથે ૧૯૯ કેસ : કોરોનાના સંક્રમિતનો આંકડો ૩૨૬૪૩ અને મૃત્યુઆંક ૧૮૪૮ : અગ્ર સચિવ જયંતિ રવિ સુરતની મુલાકાતે

ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૬૦૦ને વટાવ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના ૫૯૨૪ ટેસ્ટ કરવામાં આવતા ૬૨૦ લોકોને કોરોના પોઝિટિવ આવ્યો હતો. આ સાથે રાજ્યમાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૩૨૬૪૩પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૨૦લોકોના છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૪૮ થયો છે. રાજ્યમાં આજે ૪૨૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા હતા. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩૬૭૦લોકો ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે ૭૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યના આઠ કોર્પોરેશન અને ૨૮ જિલ્લામાં કોરોનાએ પગપેસારો કર્યો છે. રાજ્યમાં પ્રથમવાર સુરતમાં કોરોના પોઝિટિવનો આંકડો અમદાવાદ કરતા વધી જતાં આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ સુરતની ફરી મુલાકાતે દોડી ગયા હતા. સુરતના અગ્રણી ડૉક્ટરો અને અધિકારી સાથે બેઠક કરી હતી. તેમના મત મુજબ હીરા ઉદ્યોગ ફેક્ટરીમાં એસીના કારણે તેમજ કારીગરો નજીક વધુ બેઠા હોવાથી સંક્રમણ વધ્યુ છે. રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૯, સુરત કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૨, ગાંધીનગરમાં ૨, જુનાગઢ કોર્પોરેશનમાં ૧, પાટણમાં ૧ અને નવસારીમાં ૧ સાથે કુલ ૨૦ લોકોના મોત થયા છે. અમદાવાદ શહેરમાં કદાચ પ્રથમવાર બે માસમાં કોવિડ-૧૯ના કેસ ૨૦૦થી ઓછો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં ૧૮૨ અને ગ્રામ્યમાં ૧૫ સાથે ૨૪ કલાકમાં ૧૯૭ થયો છે. આ સાથે અમદાવાદનો કુલ સંક્રમિતનો આંકડો ૨૦૯૧૩ થયો છે. આજે વધુ ૯ મોત કોરોનાને લીધે ૧૪૪૧ કુલ મૃત્યુઆંક થયો છે. જ્યારે સુરત શહેરમાં અમદાવાદથી વધુ કેસ નોંધાયો છે. ૧૯૯ કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૪૮૨૯ થયો છે. આજે સુરતમાં વધુ ૪ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૫૮ થયો છે. વડોદરા શહેરમાં સતત બીજા દિવસે ૫૦થી વધુ કેસો નોંધાયા છે. આજે ૫૨ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૨૬૭ થયો છે. આજે વડોદરામાં વધુ ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૪૯ થયો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૯૧૩ | ૧૪૪૨ | ૧૫૯૬૮ |
| સુરત | ૪૮૨૯ | ૧૬૪ | ૩૩૦૧ |
| વડોદરા | ૨૨૬૭ | ૪૯ | ૧૫૮૦ |
| રાજકોટ | ૨૬૯ | ૦૭ | ૧૨૬ |
| ગાંધીનગર | ૬૫૪ | ૩૧ | ૪૭૫ |
| ભાવનગર | ૨૬૧ | ૧૩ | ૧૫૦ |
| કચ્છ | ૧૬૨ | ૦૫ | ૯૩ |
| મહેસાણા | ૨૮૬ | ૧૧ | ૧૪૦ |
| ગીર-સોમનાથ | ૭૬ | ૦૧ | ૪૭ |
| પોરબંદર | ૧૯ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૭૮ | ૧૫ | ૧૩૪ |
| પાટણ | ૨૦૬ | ૧૫ | ૧૧૨ |
| છોટાઉદેપુર | ૫૫ | ૦૨ | ૩૭ |
| જામનગર | ૨૧૬ | ૦૪ | ૧૦૭ |
| મોરબી | ૨૨ | ૦૧ | ૦૯ |
| સાબરકાંઠા | ૧૭૪ | ૦૮ | ૧૧૫ |
| આણંદ | ૨૨૧ | ૧૩ | ૧૮૪ |
| દાહોદ | ૫૯ | ૦૦ | ૪૫ |
| ભરૂચ | ૨૨૮ | ૦૯ | ૧૦૬ |
| બનાસકાંઠા | ૧૭૮ | ૧૦ | ૧૫૬ |
| ખેડા | ૧૫૯ | ૦૬ | ૧૧૫ |
| બોટાદ | ૯૦ | ૦૩ | ૬૫ |
| નર્મદા | ૯૦ | ૦૦ | ૪૪ |
| અરવલ્લી | ૨૦૭ | ૧૮ | ૧૬૭ |
| મહીસાગર | ૧૩૭ | ૦૨ | ૧૧૩ |
| નવસારી | ૯૭ | ૦૨ | ૪૫ |
| તાપી | ૦૮ | ૦૦ | ૦૬ |
| વલસાડ | ૧૫૦ | ૦૩ | ૫૪ |
| જૂનાગઢ | ૧૦૧ | ૦૩ | ૪૮ |
| સુરેન્દ્રનગર | ૧૪૨ | ૦૭ | ૭૧ |
| દેવભૂમિ દ્વારકા | ૨૩ | ૦૧ | ૧૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૮૫ | ૦૭ | ૩૩ |
| કુલ | ૩૨૬૪૩ | ૧૮૪૮ | ૨૩૬૭૦ |

## હિંમતનગરની ખાનગી શાળાના સંચાલકોએ વિદ્યાર્થીઓની ૨૦ લાખ ફી માફ કરી

### માણેક ઇન્ટરનેશનલ સ્કૂલના ૧૬૦ વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માફ કરતા વાલીઓ ખુશખુશાલ

હિંમતનગર, તા. ૩૦

કોરોના વાયરસની બિમારીના કારણે સમગ્ર ગુજરાત સહિત દેશમાં શૈક્ષણિક સંસ્થાઓ અનિચ્છ મુદત માટે બંધ કરવાનો હુકમ કર્યો છે ત્યારે કેટલાક ખાનગી સ્કુલના સંચાલકો ઓનલાઈન શિક્ષણના નામે નવા સત્રની ફી ભરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને દબાણ કરી રહ્યા છે. તો બીજી તરફ હિંમતનગર નજીકના નવા ગામમાં આવેલ માણેક ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલકોએ વાલી મંડળની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી સ્કુલમાં ભણતા ૧૬૦ વિદ્યાર્થીઓની અંદાજે રૂા.૨૦ લાખથી વધુની ફી માફ કરવાનો સરાહનીય નિર્ણય લીધો છે. જેના કારણે વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ અંગે હિંમતનગર નજીક આવેલ નવા ગામની માણેક ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલક ગિરીરાજભાઈ પંડયાએ જણાવ્યુ હતું કે કોરોના વાયરસને લઈને છેલ્લા કેટલાક મહિનાઓથી અમારી સ્કુલમાં શૈક્ષણિક કાર્ય બંધ છે. જૂન મહિનાથી નવુ સત્ર શરૂ થયુ હોવા છતાં સરકારની મંજૂરી ન હોવાથી સ્કુલો બંધ છે ત્યારે માણેક ઈન્ટરનેશનલ સ્કુલમાં ભણતા ૧૬૦ વિદ્યાર્થીઓની અંદાજે રૂા.૨૦ લાખની ફી માફ કરવાનો નિર્ણય લીધો છે. લોકડાઉનના સમય દરમિયાન આર્થિક મુશ્કેલી વેઠી રહેલા વાલીઓએ શાળા સંચાલકોના આ નિર્ણયને આવકાર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકડાઉન દરમિયાન કેટલાક શાળા સંચાલકોએ નવા સત્રની ફી ઓનલાઈન ભરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ પર દબાણ કરી રહ્યા છે ત્યારે નવા સ્થિત માણેક ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલકોએ લીધેલા આ નિર્ણય એક આવકારદાયક પગલુ છે. જિલ્લામાં આવેલી અન્ય ખાનગી શાળાના સંચાલકો પણ શિક્ષણના હિતમાં શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની ફી માફ કરવાની જાહેરાત કરે તેવી માગણી વાલી મંડળમાં ઉઠવા પામી છે.

## પ્રાંતિજમાં બે અને તાલુકામાં એક કોરોના પોઝીટીવ કેસ નોધાયો

### કરીયાણાના વેપારીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો : જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭૪ કોરોના પોઝીટીવ કેસો નોધાયા : અત્યાર સુધીમાં ૮ લોકોએ કોરોનાને લઈને મોત : જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૪ ને સાજા થતાં રજા અપાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં જાણે કોરોનાએ જાણે અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લા સહિત પ્રાંતિજમાં કોરોનાના કેસોમાં દિવસેને દિવસે વધારો થાય છે. ત્યારે પ્રાંતિજ ખાતે છેલ્લા ત્રણ દિવસથી કોરોનાના કેસોમાં વધારો થયો છે જેમાં આજે પણ પ્રાંતિજ અને તાલુકામા એક-એક કોરોના પોઝીટીવ કેસ આવતા તંત્ર દોડતુ થયું હતું.

હાલ દેશ સહિત વિશ્વના દેશોમાં કોરોનાના કેસોમાં દિવસેને દિવસે ઝડપી વધારો થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મલ્યો છે અને જિલ્લામાં કોરોના પોઝીટીવ આંક ૧૭૪ને પાર થયો છે. ત્યારે પ્રાંતિજમાં પણ રોજીદા કોરોના પોઝીટીવ કેસો મલી આવતા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક આરોગ્યતંત્ર હાલ તો દોડતુ થયું છે અને એક પછી એક કેસો વધતા ચિંતામાં પણ વધારો થાય છે ત્યારે પ્રાંતિજ નાનીભાગોળ ખાતે રહેતા અને કરીયાણાના વેપારી ૫૩ વર્ષીય પુરૂષ મોદી મનોજકુમાર કોરદલાલનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તેવોને તંત્ર દ્વારા ૧૦૮ મારફતે સારવાર અર્થે હિંમતનગર ખાતે લઈ જવામાં આવ્યા હતા. પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે ૪૫ વર્ષીય મહિલા આશાબેન નદલાલ નરસિંધાણીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો તો પ્રાંતિજના સોનાસણ ખાતે ૨૫ વર્ષીય યુવક શિવમભાઈ જયંતિભાઈ પટેલનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે ત્યારે જિલ્લામાં હાલ કોરોના પોઝીટીવ કેસોનો આંક ૧૭૪ને પાર થયો છે. કોરોનાને લઈને અત્યાર સુધીમાં આઠ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે અને અત્યાર સુધીમાં ૧૧૪ કોરોનાના દર્દીઓ સાજા થતા રજા આપવામાં આવી છે. ત્યારે હાલ તો જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે કોરોનાના કેસોમાં ધરખમ વધારો થતા સ્થાનિક આરોગ્યતંત્ર સહિત જિલ્લા આરોગ્ય ટીમમાં દોડધામ સહિત ચિંતામાં વધારો થયો છે.

## વનબંધુ કિસાનો આધુનિક ખેતી તરફ વળવા માનસિકતા બદલે : રૂપાણી

ગાંધીનગર, તા. ૩૦

વનબંધુ-આદિજાતિ વિસ્તારના ખેડૂતોને પરંપરાગત ખેતીને સ્થાને ટેકનોલોજીના વિનિયોગથી આધુનિક ખેતી તરફ વળવાની માનસિકતા કેળવવા માઈન્ડ સેટ બદલવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનુરોધ કર્યો હતો. રાજ્યના અંબાજીથી ઉમરગામ વિસ્તારના ૧૪ આદિજાતિ જિલ્લાના ૫૩ તાલુકાઓના ૭૬ હજારથી વધુ વનબંધુ કિસાનોને કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રૂ. ૩૫ કરોડના ખાતર-બિયારણ કિટના વિતરણના ઈ લોન્ચીંગ અવસરે તેઓ સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ બિયારણ-ખાતર કિટ વિતરણના ઈ લોન્ચીંગને કોરોના સામે-કોરોના સાથે રોજિંદી પ્રવૃત્તિઓ શરૂ કરીને કોરોનાને હરાવવાની ગુજરાતની પ્રતિબદ્ધતા રૂપ અવસર ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, વિકાસની મુખ્ય ધારામાં વનબાંધવો પણ આવી જાય અને સર્વગ્રાહી વિકાસની સંકલ્પના પાર પડે તે માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરીને આદિજાતિઓને પણ શિક્ષણ, આરોગ્ય, વીજળી, કૃષિ-સિંચાઈના અનેક અવસરો પૂરા પાડયા છે. જ્યાં સુધી વંચિત વનબંધુઓ-છેવાડાના અંતરિયાળ વિસ્તારના આદિજાતિઓ વિકસીત ન થાય ત્યાં સુધી વિકાસ અધૂરો છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, આ સરકારે પણ વનબંધુઓના વિકાસને વધુ ગતિ આપવા પેસા એકટનો અમલ કરીને વનબાંધવોને જમીન માલિક બનાવ્યા છે. એટલું જ નહિ, આદિજાતિ વિસ્તારોમાં મેડીકલ કોલેજ, એકલવ્ય શાળાઓ, વીજળી સિંચાઈ સુવિધાઓ આપીને વનબંધુઓને સમયાનુકૂલ વિકાસની નવી દિશા આપી છે એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવા અને ખેડૂતોની આવક બમણી કરવાની ભાગીરથ પહેલ ના ભાગરૂપે રૂ. ૩૫ કરોડની ખાતર-બિયારણ સહાય ગુજરાતના વનબંધુઓને ઉપયુકત બનશે. કૃષિ વૈવિધ્યકરણ યોજના રાજ્યના નાના અને સીમાંત આદિવાસી ખેડૂત ભાઈઓ બહેનોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આદિજાતિ વિભાગનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. આ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ૧ એકર જમીન માટે સુધારેલ જાતના શાકભાજીના બિયારણ અથવા મકાઈના પાક માટેના બિયારણનો લાભ આપવામાં આવે છે. ખેડૂતોને ખાતરમાં યુરિયા ૪૫ કિ.ગ્રામ, એન.પી.કે.૫૦ કિ.ગ્રામ અને એમોનીયમ સલ્ફેટ ૫૦ કિ.ગ્રામની કીટ આપવામાં આવે છે. આદિવાસી ખેડૂતો માત્ર પરંપરાગત ખેત પદ્ધતિ ઉપરજ નિર્ભર ન રહેતા સુધારેલ મકાઈ તથા શાકભાજીના બિયારણ તથા ખાતર અને ખેતીને લગત આવશ્યક તાલીમ મેળવી વધુ ખેત ઉપજ અને વધુ આવક રળતા થાય અને તેમનું જીવનધોરણ સદ્ધર થાય તેવા ઉદેશ્યથી શરૂ થયેલી આ યોજનામાં અત્યાર સુધીમાં આશરે પાંચ લાખ આદિજાતિ ખેડૂતોને લાભો આપવામાં આવ્યા છે. કોરોના-કોવિડ-૧૯ સંક્રમણની સ્થિતીમાં જે વનબંધુ-આદિજાતિ શ્રમિકો પોતાના વતન જતા રહ્યા હતા.



આજે મોડાસા કટલરી કરિયાણા એસોસિએશન આયોજિત કાર્યક્રમ માં ઉપસ્થિત રહેવાનું થયું, કટલરી કરિયાણા એસોશિયન , આ સંસ્થા દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ને ૧,૩૬,૦૦૦ નિ રકમ દાન પેટે આપી, સાર્વજનિક હોસ્પિટલ મોડાસા એ પણ કોરોના અંતર્ગત ખૂબ સરાહનીય કામગીરી કરી છે, આ કાર્યક્રમ માં મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ શાહ, કટલરી કરિયાણાના ચેરમેન પંકજભાઈ બુટાલા મોડાસાના પ્રતિષ્ઠિત વેપારી ઈસ્માઈલ ભાઈ દાદુ, મંત્રી રમણભાઈ પ્રજાપતિ, જગદીશભાઈ ભાવસાર સાર્વજનિક મોડાસાના ચેરમેનશ્રી જીગેશભાઈ મહેતા, મોડાસાના સહુ વેપારીઓ સાર્વજનિક હોસ્પિટલ ના ટ્રસ્ટીઓ, સોશીયલ ડિસ્ટન્સ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

### વધુ ૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી ૩ દર્દીઓના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તંત્ર દ્વારા આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગાંધીનગર તાલુકાના વાવોલ, છાલા, સરઢવ અને કોબામાંથી આજે એક એક કેસ મળી આવેલ છે. સરઢવમાંથી કોરોનાનો બીજો કેસ મળી આવેલ છે અને આ દર્દી એસ.જી.વી.પી.માં દાખલ હોવાનું જાણવા મળેલ છે. વાવોલમાંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે છાલા ગામેથી આજે પ્રથમ કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકાના કોબા ગામેથી એક ૨૬ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોબામાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રએ દરેક તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. આ ઉપરાંત માસ્ક વગર ફરતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ ન જાળવનારાઓ સામે આકરા પગલાં લેવા માટે પણ તાકીદ કરી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો છે પણ ડેથ રેટ જે રીતે વધી રહ્યો છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં હાલ ૧૫,૭૫૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં ૧૫,૬૯૩ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જ્યારે ૫૨ લોકોને પ્રાઈવેટ ફેસીલીટી ક્વોરોન્ટાઈન અને ૬ લોકોને સરકારી ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### ૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં બે કેસોમાં એક દર્દીનું કનેક્શન કલોલ નીકળ્યુ છે તો એક દર્દી અમદાવાદ અપડાઉન કરતા જણાયા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે. સે. ૮ માંથી આજે ૪ થો કેસ મળતાં સેક્ટરવાસીઓ ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. તંત્ર દ્વારા આજે મળી આવેલા દર્દીઓના નિવાસસ્થાન અને તેની આસપાસના ઘરોમાં દવાનો છંટકાવ કરી માઈક્રો કન્ટેનમેન્ટ જોન જાહેર કરવાની કામગીરી હાથ ધરી છે. શહેરમાં હાલ ૩૫૦ જેટલી વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવેલી છે. તંત્રના સૂત્રો કહી રહ્યા છે કે જે કેસો નોંધાયા છે તે લોકલ ટ્રાન્સમિશનના જ છે.

### ગાબડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુવિધા ઉભી કરવાના કામ પાછળ અનેક દુવિધાઓનુ નિર્માણ થાય છે જેને કોર્પોરેશનનુ તંત્ર ધ્યાને લેતુ નથી જયારે હવે શહેરના સર્કલો અને સેન્ટ્રલ વર્જ પણ જાળવણીના અભાવે ખંડરે બનતા તરફ છે. આ મામલે યોગ્ય સફાઈ તેમજ જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે સર્કલોની સુંદરતા પણ નિખરે તે માટે તંત્રએ સર્કલોની જાળવણીનુ કામ સંભાળતી જવાબદાર સંસ્થાઓને જાગૃત કરવાની અનિવાર્યતા છે.

### વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થશે તેમ ખેડૂતો સાથેની વાતચીતમાં સંકેતો મળી રહ્યા છે. જિલ્લામાં હાલ ગુવારના પાકનું વાવેતર ૫૦૦ હેક્ટરમાં થયુ છે. જો કે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ ૯ હજાર હેક્ટરમાં વાવણીની રહી છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂત ચિંતીત જરૂર બન્યો છે પણ સારા ચોમાસાની આશા તેણે છોડી નથી. કેટલાક ખેડૂતો એવી દલીલ કરી રહ્યા છે કે જિલ્લામાં જુલાઈથી ચોમાસાનો વરસાદ થતો હોય છે એ ભૂલશો નહિ. દરમ્યાન હવામાન વિભાગે પણ રાજ્યમાં આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી કરી છે.

### અનાજ મળશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારથી દેશમાં અનલોક-૧ થયુ છે વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં બેદરકારી વધતી જઈ રહી છે. ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવાને લઈને સતર્ક પરંતુ આજે જ્યારે વધુ સતર્ક રહેવાની જરૂર છે ત્યારે બેદરકારી વધવી ચિંતાનું કારણ છે. લોકડાઉન દરમિયાન ઘણી ગંભીરતાથી નિયમોનું પાલન કરવામાં નથી આવ્યુ. હવે સરકારોએ સ્થાનિક સંસ્થાઓએ, દેશના નાગરીકોએ ફરી તે રીતની સતર્કતા બતાવવાની જરૂર છે. વિશેષ કરીને કન્ટેનમેન્ટ ઝોનમાં વધુ ધ્યાન આપવુ પડશે. જે પણ લોકો નિયમોનું પાલન નથી કરી રહ્યા. અમારે તેમણે ટોકવા પડશે, રોકવા પડશે અને સમજાવવા પડશે. એક દેશના વડાપ્રધાન પર ૧૩ હજાર રૂપિયાનો દંડ એટલા માટે લાગ્યો કારણ કે તે સાર્વજનિક સ્થળે માસ્ક પહેર્યા વગર ગયા હતા. ભારતમાં પણ સ્થાનિક તંત્રએ આ રીતની કડકાઈથી કામ કરવુ જોઈએ. ભારતમાં ગ્રામનો પ્રધાન હોય કે દેશનો વડાપ્રધાન કોઈ પણ નિયમોથી ઉપર નથી.

લોકડાઉન દરમિયાન દેશની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. એવી સ્થિતિ ના આવે કે કોઈ ગરીબના ઘરમાં ચુલો ના સળગે. કેન્દ્ર સરકાર હોય, રાજ્ય સરકાર હોય, સિવિલ સોસાયટીના લોકો હોય તમામે પુરો પ્રયાસ કર્યો છે કે આટલા મોટા દેશમાં અમારા કોઈ ગરીબ ભાઈ-બહેન ભૂખ્યો ના ઉંઘે. દેશ હોય કે વ્યક્તિ સમયપર નિર્ણય લેવાથી, સંવેદનશીલતાથી નિર્ણય લેવાથી કોઈ પણ મુકાબલો કરવાની શક્તિ અનેક ઘણી વધી જાય છે. લોકડાઉન હોવા છતા પણ સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ મંત્રી યોજના લઈને આવી છે. ગરીબો માટે પોણા ૨ લાખ કરોડનું પેકેજ આપવામાં આવ્યુ છે.

૩ મહિનામાં ૨૦ કરોડ ગરીબ પરિવારોના જનધન ખાતામાં સીધા ૩૧ હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ દરમિયાન ૯ કરોડથી વધુ ખેડૂતોના બેક્ર ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા જમા થયા છે. આ સાથે જ ગામમાં શ્રમિકોને રોજગાર આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન તેજ ગતિથી આરંભ કરી દેવામાં આવ્યુ છે. અમેરિકાની કુલ જનસંખ્યાથી અઢી ઘણા વધુ લોકોને બ્રિટનની જનસંખ્યાથી ૧૨ ઘણા વધુ લોકોને અને યુરોપિયન યૂનિયનની બે ઘણાથી વધુ લોકોને અમારી સરકારે મફત અનાજ આપ્યુ છે. આજે હું તેનાથી જોડાયેલી એક મહત્વપૂર્ણ જાહેરાત કરવા જઈ રહ્યો છું. અમારે ત્યા વર્ષાઋતુ દરમિયાન અને તે બાદ મુખ્ય રીતે કોઈ વિસ્તારમાં એગ્રીકલ્ચર સેક્ટરમાં વધુ કામ થાય છે. અન્ય બીજા સેક્ટરોમાં થોડી સુસ્તી રહે છે. જુલાઈથી ધીમે ધીમે તહેવારોનો માહોલ બનવા લાગે છે.

### ખરાબ સમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધી હોય. પરંતુ એ જોવાનું બાકી રહેશે કે સું ચીનમાં આ તપાસ ટીમને જિનપિંગ પ્રશાસનનો પૂરો સહયોગ મળે છે કે નહીંય વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન શરૂઆતથી જ કહેતું રહ્યું છે કે ચીન તેની તપાસ ટીમને બોલાવે જેથી કરીને એ ખબર પડી શકે કે આ વાયરસનો એનિમલ સોર્સય છે કે નહીં.

### ધુંઆપુંઆ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકાણકારોના હિતોની રક્ષા કરવી એ ભારત સરકારની જવાબદારી છે. આ પેટર્ન ભારતીયોના હિતમાં પણ નથી. આ બધાની વચ્ચે ભારત-ચીનની વચ્ચે તાજેતરમાં થયેલ તનાતનીની ઝપટમાં એકબાજુ ચીની કંપની હુવૈ પણ આવી શકે છે. હુવૈ ભારતમાં ૫જી સર્વિસીસનું મુખ્ય દાવેદાર છે. ભારતમાં ૫ની હરાજી હાલ એક વર્ષ માટે ટાળી દીધી છે, પરંતુ ગયા વર્ષે હુવૈને ૫જી ટ્રાયલમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી. અમેરિકા દુનિયાભરના દેશો પર દબાણ નાંખી રહ્યું છે કે હુવૈને બહાર રાખો. અમેરિકામાં હુવૈની પ્રોડક્ટ પર મે ૨૦૨૧ સુધી પ્રતિબંધ મૂકી દીધો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે સરકારના વરિષ્ઠ મંત્રીઓની બેઠકમાં ૫જી પર ચર્ચા થઈ. બેઠકના પરિણામોની હજુ ભાળ મળી નથી. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, કાયદા મંત્રી રવિશંકર પ્રસાદ, વિદેશ મંત્રી એસ.જયશંકર અને વાણિજય મંત્રી પિયૂષ ગોયેલ સામેલ થયા.

### પુનઃ ધમકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યવસ્થાની તપાસ કરી હતી. ત્યારથી, અહીં આવતા મહેમાનો પર નજર રાખવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના રોજ મુંબઈમાં આતંકવાદી હુમલો થયો હતો. જે લગભગ ૬૦ કલાક સુધી ચાલ્યો હતો. આ આતંકી હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં ૨૮ વિદેશીઓ શામેલ હતા. આ હુમલામાં એકમાત્ર આતંકવાદી અજમલ કસાબ જીવતો પકડાયો હતો. ભારતીય સુરક્ષા એજન્સીઓ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી હતી. આ હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાનું સામે આવ્યું હતું. કસાબને ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૨ ના રોજ પુણેની યરવાડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી. તેના મૃત્યુ પહેલા, સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાનમાં રચાયેલા હુમલાના કાવતરાથી સંબંધિત દરેક માહિતી મેળવી હતી.

### તૈનાત કરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાહનોને પૂર્વ લદ્દાખમાં ૧૫૯૭ કિ.મી. લાંબી એલએસી પર તૈનાત કરાયા છે. ચીન તરફથી કોઈપણ ખતરાનો સામનો કરવા ચુશુલ સેક્ટરમાં પણ સેનાએ બે ટેક્રો તૈનાત કરી દીધી છે. ચીનની સેના આ ક્ષેત્રમાંથી એલએસીથી પરત જવા માટે સોદાબાજી કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારતીય લશ્કરે પોતાનું વલણ સ્પષ્ટ જણાવતા કહ્યું છે કે તે એક ઈંચ જમીન પણ છોડશે નહીં. લશ્કરના કમાંડરોના મતે ભારત સરહદને લઈને લંબાયેલા વિવાદ પર સંપૂર્ણ રીતે તૈયાર છે. બીજીતરફ ચીન જો કોઈ પગલું ભરે છે તો ભારત પણ જડબાતોડ જવાબ આપવા સંપૂર્ણ રીતે સજજ છે. ચીનની સેનાએ પૂર્વ લદ્દાખમાં માર્શલ આર્ટ્સની તાલીમ આપેલા સૈનિકોને તૈનાત કરવાનો પ્રોપોગેન્ડા અખત્યાર કર્યો છે. જ્યારે હકીકતમાં વર્તમાન પરિસ્થિતિમાં ભારતીય જવાનોની સામે ટક્કરમાં ઊભા રહેવું ચીનના સૈનિકો માટે મુશ્કેલ છે. ૧૯૮૪ પછી ભારતીય સેનાને ઊંચાઈ ધરાવતા સ્થળો પર યુદ્ધ માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.